# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-11-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## હર્ષ સંઘવી : કચ્છ મુલાકાત-1

ભારત પાકિસ્તાન સરહદી ગામોની સીમાવર્તી સમીક્ષા અને સામાજિક આર્થિક સ્થિતિ તેમજ રહેણીકરણીથી અવગત થવા માટે બે દિવસની કચ્છની મુલાકાતે આવેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લખપત તાલુકાના પુનરાજપુર ગામની મુલાકાત લઈને ગ્રામજનોને સંબોધન કર્યું હતું. તેમણે સરપંચ સહિતના ગ્રામજનો સાથે સંવાદ કરીને ગામની સુખ સુવિધાઓ તેમજ સામાજિક-આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું કે, રાજ્યના ૩૦ IPS ઉચ્ચ અધિકારીઓ પણ તેમની સાથે અલગ અલગ સરહદી ગામડાઓની મુલાકાત લઈ રહ્યા છે. આ ગામડાઓની મુલાકાત દરમિયાન શિક્ષણ, આરોગ્ય, માળખાકીય સુવિધાઓ સહિતના વિવિધ ૪૦ જેટલા મુદ્દાઓ પર ગ્રામજનો સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરીને તેનો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવશે.

સરહદી વિસ્તારના ગામડાઓના નાગરિકોને સજાગ રહેવાનો સંદેશ આપતાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, દુશ્મનોના પગલાંઓ ઓળખી જવાની ક્ષમતા અહીંના ગામડાઓના દરેક લોકોમાં વર્ષોથી છે અને આ ખમીરવંતા બહાદુર ગ્રામજનોએ દેશના સીમાડાઓને સુરક્ષિત રાખ્યા છે. અસામાજિક પ્રવૃત્તિઓની પોલીસને જાણ કરવા તેમજ દેશ વિરોધી ગતિવિધિઓ અંગે સરકારના આંખ કાન બનવા તેમણે ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

--------------------------------------------------------------------------------

## હર્ષ સંઘવી કચ્છ મુલાકાત – 2

આ પહેલા આજે સવારે ટ્રેન મારફતે ભુજ રેલવે સ્ટેશન આવી પહોંચ્યા બાદ ભુજના સર્કિટ હાઉસ ખાતે પોલીસ વિભાગ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયું હતું. તેમણે માતાના મઢ મંદિરે શિશ ઝૂકાવી પોતાના પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. શ્રી સંઘવીનું માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, શ્રી સંઘવી અને ભારતીય પોલીસ સેવાના અધિકારીઓની કચ્છના સરહદી ગામડાઓની આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા કરવાનો અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો છે.

મુલાકાત દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત, રાત્રી ખાટલા સભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગામડાઓમાં આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, સ્વચ્છતા, સલામતી અને સુરક્ષા સહિતના વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સમીક્ષા કરવાનું આયોજન છે.

તેઓ ભાતીગળ રહેઠાણ દેશી ભૂંગામાં રાત્રિ રોકાણ કરશે. સરહદી સુરક્ષાના વિષયો અંગે BSFના અધિકારીઓ સાથે ખાસ બેઠકનું પણ આયોજન કરાયું છે. સાથે જ BSF જવાનો સાથે પણ સંવાદ કરવામાં આવશે.

-------------------------------------------------------------------------------------------

## શાળાઓ ખુલી

દિવાળી વેકેશન પુર્ણ થતા આજથી જીલ્લામાં શૈક્ષણીક સત્રનો આરંભ થયો છે. વિદ્યાર્થીઓના આવાગમનથી શૈક્ષણિક સંકુલ ગાજી ઉઠ્યા છે.

શાળા-કોલેજોમાં દિવાળી વેકેશનનો આરંભ 16મી ઓક્ટોબરથી થયો હતો. બીજું શૈક્ષણિક સત્ર આજથી 144 દિવસ એટલે કે 3 મે, 2026 સુધી રહેશે. આ પછી ચોથી મે થી 7 જૂન સુધી 35 દિવસનું ઉનાળુ વેકેશન રહેશે. જયારે, શૈક્ષણિક વર્ષ 2026-27 8 જૂન, 2026 થી શરૂ થશે.

કચ્છમાં નર્સરીથી કોલેજ સુધી સાડા 4 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ધો.1 થી 8માં અંદાજીત 3 લાખ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં 1.10 લાખ જ્યારે કોલેજ સહિતના ઉચ્ચ શૈક્ષણિક સંકુલ મળી અંદાજે સાડા 4 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

---------------------------------------------------------------------------------------------------

## વિદ્યાસહાયક ભરતી

જિલ્લામાં વિદ્યાસહાયકની ખાસ ભરતીના સામાજિક વિજ્ઞાન અને ભાષાઓના ઉમેદવારો માટે આજથી ભુજની લાલન કોલેજમાં સ્થળ પસંદગીનો કેમ્પ શરુ થયો છે.

સામાજિક વિજ્ઞાન વિષયના ઉમેદવારોને આજે તેમજ ભાષાઓના ઉમેદવારોને આવતીકાલે ડોક્યુમેન્ટ ચકાસણી, શાળા/સ્થળ પસંદગી અને નિમણૂંક હુકમ મેળવવા માટે હાજર રહેવા જણાવાયું હતું.

ઉલ્લેખનીય છે કે કચ્છ જિલ્લા માટે વિદ્યાસહાયક ખાસ ભરતી અંતર્ગત કુલ 4100 જગ્યાઓ ભરવા માટે જાહેરાત કરાઈ હતી. જેમાં ધોરણ 1 થી 5માં 2500 જ્યારે ધો. 6 થી 8માં 1600 જગ્યાઓ પૈકી ગણિત - વિજ્ઞાન માં 509, ભાષામાં 554 જ્યારે સામાજિક વિજ્ઞાન વિષયની 537 જગ્યાઓ મંજૂર કરવામાં આવી હતી. આ પૈકી આ બે દિવસ દરમ્યાન સામાજિક વિજ્ઞાનની 522 તેમજ ભાષાની 539 મળી કુલ્લ 1061 જગ્યાઓ મેરીટના ધોરણે ભરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## મતદારયાદી વિશેષ સઘન સુધારણા

જિલ્લાભરમાં ઘરેઘરે મતદારયાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R કામગીરી ચાલી રહી છે. બૂથ સ્તરના અધિકારીઓ – B.L.O. આગામી ચાર ડિસેમ્બર સુધી ઘરેઘરે જઈ મતદારો પાસે ઍન્યુમરૅશન ફૉર્મ એટલે કે, ગણતરી પત્રક ભરાવી રહ્યા છે.

મતદારો ગણતરીપત્રક મળ્યા બાદ મતદારોએ તેમાં વિગત ભરીને તે B.L.O.ને જમા કરાવશે. ત્યારબાદ વિધાનસભા મતદાર વિભાગના તમામ ભાગમાંથી પરત મળેલા ગણતરી

પત્રકની મુસદ્દા મતદારયાદી સંબંધિત ભાગના મતદાર નોંધણી અધિકારી આગામી નવ ડિસેમ્બરે પ્રસિદ્ધ કરશે. જ્યારે આખરી મતદાર યાદી આગામી સાત ફેબ્રુઆરી **2026**ના રોજ પ્રસિદ્ધ કરાશે.

---------------------------------------------------------------------------------------

## વંદે માતરમ્

રાષ્ટ્રગીત વંદે માતરમને ૧૫૦ વર્ષ પૂર્ણ થયાના સંદર્ભે આવતીકાલે ૭ નવેમ્બરે રાષ્ટ્ર વ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત કચ્છમાં પણ ૭ થી ૨૬ નવેમ્બર સુધી સમુહગાન, સ્વદેશીની શપથ, વિવિધ સ્પર્ધાઓ, સેમીનાર, મેરાથોન સહિતના કાર્યક્રમો યોજાશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે ઓસ્ટ્રેલિયાને કરારી ગોલ્ડ કોસ્ટ ખાતેની ચોથી ટી**20** મેચમાં **48** રનથી હરાવી શ્રેણીમાં બે વિરુદ્ધ એકની સરસાઇ મેળવી છે. ભારતે **8** વિકેટ ગુમાવી**167** રન કર્યા હતા. જેમાં શુભમન ગિલના સૌથી વધુ **46** રન મુખ્ય હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ **119** રન કરી શકી હતી. ભારતીય ટીમના વોશિંગ્ટન સુંદરે સૌથી વધુ **3** વિકેટ ઝડપી હતી.

---------------------------------------------------------------------------------------